દાખલ થયા તારીખ :૬/૬/૦૭.

રજી. લીધા તારીખ :૬/૬/૦૭.

નિકાલ તારીખ :૨૨/૧૦/૧૮

સમય : વર્ષ....માસ......દિવસ......

અમદાવાદના મે. એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં. ૭,

મુ.અમદાવાદ.

નવો ક્રિમી. કેસ નં.૭૦૧૧૯૬/૦૭

જુનો **ક્રિમી. કેસ નં.૧૧૯૬/૦૭ .**

આંક :૧૦.

ફ રી યા દી.........................શ્રી સ ર કા ર

વિરુધ્ધ

આરોપી......................... હરીશ સનઓફ રામવિર રાઠોર, ઉવ.પુખ્ત.
રહેવાસી: ૧૩, ધ્વારકાધીશનગર,
અંકુર સ્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી,
અમદાવાદ.

તહોમત :- ઈ.પી.કો. કલમ : ૨૭૯,૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એકટની

કલમ: :૧૭૭, ૧૮૪, ૧૩૪(બી) મુજબ.

ફરીયાદપક્ષે :- વિ.એ.પી.પી.શ્રી ત્રિવેદી

આરોપી પક્ષે :- વિ.વકીલશ્રી સુમન કે. પાંડે.

**-:: ચુ કા દો ::-**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૧૪/૧/૦૭ ના કલાક:૧૪/૦૦ વાગે આરોપીએ ઓટો રીક્ષા નં. જી.જે.૧. એ.ઝેડ. ૮૭૮ ની બેબીને રબારી કોલોની પાસે આવતા ઓટો રીક્ષા પુરઝડપે અને બેદરકારી અને ગફલતભરી રીતે હંકારી રીક્ષા પરનો કાબુ ગુમાવી રીક્ષાને રોડ ઉપર પલટી ખવડાવી ફરીયાદીને ડાબા પગે નળાના ભાગે ફેકચર કરી, શરીરે ઈજાઓ કરી, દવાખાનામા દાખલ કરી, ઈ. પી. કોડ કલમ: ૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા મોટર વ્હીકલ એકટની કલમ : ૧૭૭, ૧૮૪, ૧૩૪(૧)બી મુજબનો ગુનો કરતા ફરીયાદીએ ગુનાની ફરીયાદ કરેલી અને પોલીસે ગુનો રજીસ્ટર્ડ કરેલ અને તપાસના અંતે આરોપી વિરુધ્ધ આક્ષેપીત ગુનાનું ચાર્જશીટ કરેલ છે. જેથી આરોપીને સમન્સ ઈસ્યુ કરેલા.

(૨) સમન્સની ધોરણસરની બજવણી થતા આરોપી તેમના વકીલશ્રી સાથે કોર્ટમા હાજર થતા તેઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ ૨૦૭ અન્વયે ચાર્જશીટની તથા પોલીસ પેપર્સના કાગળોની નકલો વિનામુલ્યે આપી આંક-૨ થી જવાબ નોંધતા આરોપીએ તેમની સામેના ગુનાની ના કબુલાત કરેલ છે. જેથી આ કામ ફરીયાદપક્ષના પુરાવો નોધવા પેન્ડીગ રાખવામા આવેલ છે.

(૩) ત્યારબાદ પક્ષકારો વચ્ચે ઘરમેળે સમાધાન થઈ જતા અને આંક-૩ થી સમાધાન પુરશીશ રજુ થતા જે વંચાણે લઈ પક્ષકારોને

સાંભળી રેકર્ડ કરી, કેસ આગળ ચલાવવા આવેલ છે.

(૪) ત્યારબાદ ફરીયાદપક્ષની તકરાર ઘ્યાને લેતાં તકરારના નિવારણ માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત કરવામા આવેલ છે.

**–:: મુ દૃા ઓ ::–**

: ૧ : શું ફરીયાદપક્ષ નિ:શંકરીતે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ આરોપીએ તા.૧૪/૧/૦૭ ના કલાક:૧૪/૦૦ વાગે આરોપીએ ઓટો રીક્ષા નં. જી.જે.૧. એ.ઝેડ. ૮૭૮ ની બેબીને રબારી કોલોની પાસે આવતા ઓટો રીક્ષા પુરઝડપે અને બેદરકારી અને ગફલતભરી રીતે હંકારી રીક્ષા પરનો કાબુ ગુમાવી રીક્ષાને રોડ ઉપર પલટી ખવડાવી ફરીચાદીને ડાબા પગે નળાના ભાગે ફ્રેકચર કરી, શરીરે ઈજાઓ કરી, દવાખાનામા દાખલ કરી, ઈ. પી. કોડ કલમ: ૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા મોટર વ્હીકલ એકટની કલમ : ૧૭૭,૧૮૪, ૧૩૪(૧)બી મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

: ૨ : શું હુ ક મ ?

(૫) ઉપરોકત મુદૃાઓના મારા નિર્ણયો નીચે મુજબના છે.

: ૧ : નકારમાં.

: ૨ : આખરી હુકમ મુજબ.

(૬) ફરીયાદપક્ષે ઉપરોકત પુરાવો રજુ થયા બાદ, વધુ કોઈ પુરાવો રજુ

થયેલ નથી. ત્યારબાદ, રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવો વંચાણે લેતાં આરોપીનું સી.આર.પી.સી.ની કલમ : ૩૧૩ મુજબનું વિશેષ નિવેદન નોંધવામા આવેલ છે. જેમા તેઓ નિર્દોષ હોવાનુ જણાવેલ છે. ત્યારબાદ ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીને તથા આરોપીના વિ.વકીલશ્રીની દલીલો સાંભળી.

**'' કા ર ણો ''**

**મુદ્દા નં. ૧ ::–**

(૭) ફરીયાદપક્ષ તરફે ફરીયાદી રામગોપાલ લજજારામ રાઠોડ તેમની આંક–૫ ની સોગંદ ઉપરની સરતપાસમા મુખ્યત્વે જણાવે છે કે, બનાવ આશરે દશેક વર્ષ અગાઉ સ્વસ્તીક અને રબારી કોલોની વચ્ચે બપોરના સમયે બનેલ. બનાવના દિવસે તેઓ રીક્ષામા બેસીને ઘરે આવતો હતો તે વખતે રીક્ષાવાળાએ બ્રેક મારતા રીક્ષા પલટી ખાઈ ગયેલી તે વખતે તેમને તથા ડ્રાઈવરને ઈજાઓ થયેલી. ઈજાઓ થતા એલ.જી. હોસ્પીટલમા સારવાર સારુ લઈ ગયેલ જયા સારવાર બાદ ફરીયાદ નોંધાવેલી. જે ફરીયાદમા તેમની સહી ઓળખી બતાવે છે જે ફરીયાદ આંક–૫ થી રજુ છે. બનાવ છોકરાઓ અચાનક વચ્ચે આવવાથી બનેલ, એ વાત ખરી છે કે, બનાવ વખતે રીક્ષાની ઝડપ સામાન્ય હતી.

(૮) આ કામે દસ્તાવેજી પુરાવાઓ ફરીયાદપક્ષે આંક–૬ થી ૮ ગુનાવાળી જગ્યાનુ પંચનામાની નકલ, સારવાર સર્ટીફીકેર ની નકલ રજુ

છે જે વંચાણે લેતાં, ગુનાવાળી જગ્યાની સ્થળ સ્થિતિ, અકસ્માત થયાનુ રેકર્ડ ઉપર છે. પરંતુ, સદરહુ આરોપી વિરુધ્ધની હકીકત પક્ષકારો વચ્ચે સમાધાન થઈ ગયેલ હોઈ રેકર્ડ ઉપર નથી તેથી વિશેષ આરોપી વિરુધ્ધ કોઈ હકીકત બહાર આવતી નથી.

અંતે ફરીયાદીએ આંક: ૯ થી કલોઝીંગ પુરશીશ રજુ કરતા ફરીયાદપક્ષે વધુ કોઈ પુરાવો રજુ થઈ શકેલ નથી.

(૯) ઉપરોકત સમગ્ર હકીકતે રેકર્ડ ઉપર રજુ થયેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવાનું તુલનાત્મક વિશ્લેષણ કરતા સ્પષ્ટ થાય છે કે, પક્ષકારો વચ્ચે ઘરમેળે સમાધાન થઈ ગયેલ છે અને તે રેકર્ડ ઉપર રજુ થયેલ છે અને ફરીયાદી એ ફરીયાદની હકીકતને બીલકુલ સમર્થન આપેલ નથી અને તેઓને ફરી ગયેલા જાહેર કરવામા આવેલ છે અને ત્યારપછી પણ તેઓએ ફરીયાદ હકીકતને બીલકુલ સમર્થન આપેલ નથી અને વધુમા કબુલ કરેલ દસ્તાવેજો વંચાણે આરોપીને ગુનામા સંડોવતી કોઈ હકીકત બહાર આવતી નથી અને અંતે ફરીયાદીએ કલોઝીગ પુરશીસ રજુ કરતા ફરીયાદપક્ષે વધુ કોઈ પુરાવો રજુ થતો નથી. માટે ફરીયાદપક્ષ આરોપી વિરુધ્ધના ફરમાવેલ તહોમત મુજબના ગુનાઓ નિ:શંકરીતે પુરવાર કરવામા નિષ્ફળ ગયેલા હોઈ, આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા સિવાય અન્ય કોઈ વિકલ્પ ન રહેતો હોઈ સદર મુદ્દા નં. ૧ નો નિર્ણય નકારમા આપી મુદ્દા નં. ૨ સંબંધેનો આખરી હુકમ નીચે મુજબનો કરું છું.

**-:: આ ખ રી હુ ક મ ::-**

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ : ૨૫૫ (૧) અન્વયે આ કામના આરોપીને તેઓની વિરુધ્ધના શિક્ષાને પાત્ર ગુનાઓ ઈ.પી.કો. કલમ: ૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ. વી. એકટની કલમ: ૧૭૭, ૧૮૪, ૧૩૪(૧) બી માંથી પુરાવાના અભાવે શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામા આવે છે.

આ કામના આરોપીને સી.આર.પી.સી.ની કલમ : ૪૩૭ (એ) અન્વયે હાલના જામીન અપીલના સમય સુધી લંબાવી આપવાનો હુકમ કરવામા આવે છે.

આજરોજ આ હુકમ ખુલ્લી કોર્ટમા વાંચી સંભળાવી મારી સહી કરીને જાહેર કર્યો.

અમદાવાદ
તા.૨૨-૧૦-૧૮.

(આર. બી. સોલંકી)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ નં. ૭,
અમદાવાદ, યુનીક કોડ નં. જી.જે.-૦૧૦૦૯.

rd PA